શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રી મણિબુદ્ધ્યાણંદહર્ષકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ

પૂ' મુ. શ્રી હર્ષકીર્તિ કૃત

# ચંદ્રલેખા ચોપાઈ

શ્રી શાલિભદ્ર સૂરિ કૃત

# બુદ્ધિરાસો

મુ. શ્રી રમણિક વિ. કૃત

# સિદ્ધાન્ત ચોપાઈ

૧૮૬


○ સંપાદક ○
ગઢવી રતુદાન રોહડિયા


卐


○ પ્રકાશિકા ○
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (જી. જામનગર)

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રંથાંક-૧૮૬

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

શ્રી મણિ બુદ્ધ્યાણંદ-હર્ષકપૂરામૃત સૂરિભ્યો નમઃ

પૂ. મુ. શ્રી હર્ષકીર્તિ કૃત

# ચંદ્રલેખા ચોપાઈ

શ્રી શાલિભદ્ર સૂરિ કૃત

# બુદ્ધિ રાસો

મુ. શ્રીરમણિક વિ. કૃત **ચોપાઇ**

—: સંપાદક :—

ગઢવી રતુદાન રોહડિયા

: સહાયક :

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.ના ઉપદેશથી
બાઉન્સ ગ્રીન જૈન સંઘ-લંડન તથા મણિનગર
શ્વે. મૂ. જૈન સંઘ-અમદાવાદ.

: પ્રકાશિકા :

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (વાયા જામનગર) સૌ.

: પ્રકાશિકા :
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ–શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

| વીર સં. | વિક્રમ સં. | સને | પ્રથમ આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૦૧૫ | ૨૦૪૫ | ૧૯૮૮ | નકલ–એક હજાર |

# આભાર

અમારી ગ્રંથમાલા તરફથી આ **ચંદ્રલેખા ચોપાઇ** તથા **બુદ્ધિરાસો** તથા **સિધ્ધાંત ચોપાઈ** પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. **ચંદ્રલેખા ચોપાઇ** અને **બુદ્ધિરાસો** ગઢવી શ્રી રતુદાન રોહડિયાએ પૂ. આ. શ્રી **વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની** પ્રેરણાથી તૈયાર કરી આપ્યા છે.

આ પુસ્તક છપાવવા માટે પૂ.આ. શ્રી વિજયજિનેન્દ્ર **સૂરીશ્વરજી** મ.ના ઉપદેશથી શ્રી **બાઉન્સ ગ્રીન જૈન સંઘ–લંડન** તથા **અમદાવાદ – મણિનગર શ્વે. મૂ. જૈન સંઘે** લાભ લીધો છે. તેની અનુમોદના કરીએ છીએ.

તા ૮–૧૧–૮૮ — **મહેતા મગનલાલ ચત્રભુજ**
શાક મારકેટ સામે, — વ્યવસ્થાપક
**જામનગર** — શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

# અર્પણ



જૈન સાહિત્યના સમુદ્ધાર
અર્થે વરાહાવતાર
બનેલા

## પૂ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી
## મહારાજને

સાદર....

—રતુદાન રોહડિયા

# પ્રસ્તાવના

સાધુવરોએ સંસારી જનો માટે થઈ શકે એવો ભક્તિ માર્ગ પ્રબોધ્યો છે. એમાં સામાયિકનું મહત્વ સૌથી વિશેષ છે. તપસ્વી અને ત્યાગી એવા સાધુ ભગવંતોનું જીવન જ તપઃપુત અને દર્શન માત્રથી સંસારના અધમ જીવોને ધર્માભિમૂખ કરનારૂં હોય છે. પણ એવા સાધુવરોનું પ્રદાન સંસારીજનો દ્વારા થાય છે. આ કારણે જ જેમને ત્યાં ત્યાગી તપસ્વીઓનો જન્મ થવાનો હોય એવાં સૌભાગ્યશાળી સંસારીઓના જીવનમાં તપ પ્રધાનતા પ્રગટાવવાનું કાર્ય સામાયિકાદિ કર્મો દ્વારા થાય છે. ચારણી સાહિત્યમાં તો કહેવાયું જ છે કે,

**"ભલિયું વણ ભલા, નરે કોઇ નીપજે ના"**

એટલે કે તપસ્વી માતા-પિતા વગર તપસ્વી સાધુ-વરો જન્મતા નથી. વસ્તુતઃ સંતવરો સૌ પ્રથમ જન્મ-દાતા માતા-પિતાના સંસ્કાર ઝીલીને ત્યાગને પંથે આગળ વધે છે.

સામાયિક એ સંસારી શ્રાવકજનોનું એક પ્રકારનું તપ જ ગણવું ઘટે. આવા એ સામાયિકનો મહિમા મુનિવર હર્ષકીર્તિજીએ આ રસાળ કથામાં ગાયો છે. શૂષ્ક પણે પ્રબોધ લોકને ગળે નહિં ઉતરે એ વાત મુનિવર બરાબર સમજયા છે. એથી એમણે પ્રબોધને વાર્તાના સાકર પડે વીંટીને આપણા હૃદય સોંસરો ઉતરી જાય એ રીતે કથ્યો છે.

ધર્મ જ તારક છે, એ વસ્તુ પ્રસ્થાપિત કરતી આ કથા એક રીતે નારીના ચાતુર્યની કથા છે. તો બીજી રીતે પોતાને થયેલા અન્યાયનો ચાતુર્યપૂર્વક સામનો કરીને નરને નારાયણ બનાવનારી સ્નેહપૂર્ણા નારાયણીરૂપ નારીની આ કથા છે. એમાં કયાંય દ્વેષની ભાવના આપણને ચંદ્રલેખાના ચરિત્રમાં જોવા મળતી નથી. અન્યાયી રાજાને ચંદ્રલેખા સ્નેહપૂર્ણ રીતે સુધારે છે. આ રીતે ચંદ્રલેખા રૂપ પારસમણીના સ્પર્શે રાજા લલિત રૂપ લોહ કંચન બને છે. આ પ્રતાપ ચંદ્રલેખાનાં સામાયિક વૃતને કારણે શકય બન્યો એમ મુનિવર આપણને સમજાવે છે. અને એ રીતે તેઓ શ્રાવિકા બહેનો સામે ચંદ્રલેખા રૂપે એક આદર્શ ખડો કરે છે, અને સમજાવે છે કે વૈરથી વૈર સમતુ નથી પણ પતિત બનેલા પ્રેમથી દેવમાં પલટાઇ જાય છે. આ રીતે ભગવાન મહાવીરનો પ્રાણી માત્ર પર કરુણાનો સંદેશો આ કથામાં વણાઇ ગયેલો આપણે જોઇએ છીએ, સ્નેહમૂર્તિ એવી કથા નાયિકા ચંદ્રલેખા પોતે તો તરે છે પણ સાથે પિતા અને પતિના કુળને પણ તારતી જાય છે. આ પ્રભાવ સામાયિક અને ભગવાન મહાવીરે પ્રબોધેલ પથનો છે.

વિ. સં. ૧૫૬૬માં રચાયેલ આ કૃતિની ભાષા સ્વર બાહુલ્યવાળી હતી. એથી એ ગાવામાં અનુકુળ નહી પડે એવું જણાવીને પૂ. શ્રી જિનેન્દ્ર સૂરીશ્વર મહારાજે ભાષાનું સરલીકરણ કરી નાખવાનું

કહેતાં એમના આદેશાનુસાર કૃતિની ભાષાને સરલ બનાવી છે. અને નીચે પાદટીપમાં કઠીન શબ્દોના અર્થો આપ્યા છે. આ રીતે આ પુસ્તક લોક ભોગ્ય બનાવ્યું છે.

શ્રદ્ધા છે સૌને આ ગ્રંથ ગમશે અને પર્વ–તહેવારો કે સાંજી પ્રસંગે ગાવા માટે ઉપયોગી થઇ પડશે. આમ થશે તો હું મારા શ્રમને સાર્થક થયેલો ગણીશ.

ધનનો સદ્‌વ્યય તો વીરપુરૂષો જ કરી શકે, કાયરોનું એ કામ નથી. એમ ચારણ કવીશ્વરો પરાપૂર્વથી પ્રબોધતા આવ્યા છે. આ દૃષ્ટિએ આ પુસ્તકના પ્રકાશન માટે ધનનો સદ્‌વ્યય કરનાર દાતા સૌના ધન્યવાદને પાત્ર બને જ છે.

પૂજ્યશ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વર મહારાજ મધ્યકાલીન જૈન સાહિત્યને પ્રકાશિત કરીને તેનો સમુદ્ધાર કરવા માટે વરાહ અવતારરૂપ બન્યા છે. અતઃ આ પુસ્તકના પ્રકાશનનાં શ્રેયના અધિકારી એ પૂજ્યવર બને છે. એમની કૃપાદૃષ્ટિ જ મને આ ક્ષેત્રે ખેંચી લાવી છે.

તા. ૨૧–૧૦–૮૮ —રતુદાન રોહડિયા

ગુજરાતી ભાષા ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ–૫

પૂ. આ. શ્રી વિજયસિંહસૂરીશ્વર શિષ્ય
પૂ. મુનિરાજશ્રી હર્ષકીર્તિ કૃત

# ચંદ્રલેખા ચોપાઈ

॥ દુહા ॥

સરસતી સમરૂં સામિની, અરિહંત પય પ્રણમેશું;
સામાયિક ઉપરે હવે, કંઇ એક કવિત કહેશું. ૧

ચારે ભેદ છે ધર્મના, ધર્મ તણો ઉણુસાર;
સામાયિક કરે પ્રાણિયા, જેમ છૂટે સંસાર. ૨

મરૂદેવી ભરતાદિક, પામ્યા કેવલ જ્ઞાન;
સમચિત સામાયિક ધરો, પામો પંચમ ઠાણ. ૩

મુક્તિ રમણી સુખ વાંછવા, જો તુજ ઇચ્છા હોય;
અવર સહુએ પરહરિ, કરે સામાયિક સોય. ૪

ભાવડ હરિગછિ ગુણનિલુ, શ્રીવિજયસિંહ સૂરિંદ;
તાસુ શિષ્ય ઈણિ પરે કહે, હિયડે ધરી આણંદ. ૫

આહટ-દોહટ છંડી કરિ, વિકથા કરિ પરિહાર;
સમચિતે સામાયિક ધરો, ચંદ્રલેખા જેમ સાર. ૬

એકમના થઇ સાંભળો, ચંદ્રલેખા વૃત્તાંત;
સામાયિક મને આણતાં, જેમ હોઇ પાપહ અંત. ૭

## ॥ ચોપાઇ ॥

મલયાચલ મહીયલે[1] ગિરિરાજ,
પર્વત માંહિ પામ્યો રાજ;
મેરુ તણી પરે ઉંચો જેહ, જોતાં કેમ ન આવે છેહ[2]...૮
પોઢાં શિખર તે સોહામણાં,
જ્યું ગિરિ દીશે ઉતિંગ ઘણાં,
રયણ[3] શિલાનો તિહાં નહીં પાર,
સહસગુફા મોટી તિહાં સાર... ૯
પર્વત આગળે છે આરામ, મન નહીં જોતાં અભિરામ;
બાવન ચંદનનાં જિહાં વૃક્ષ,
પાખળિ[4] સર્પ રહ્યા પ્રતક્ષ... ૧૦
ગિરિ નીઝરણ સદા જિહાં વહે,
વૃક્ષ તણા પરિમલ મહમહે;
દેવ વિદ્યાધરનું અહિઠાણ[5],
પર્વતનું મોટું મંડાણ... ૧૧
એક યુગલ તેણિ શિખરે વસંત,
સૂડો–સૂડી રમળિ[6] કરંતે;
મન ઇચ્છા વન માંહિ ભમે,
ઘણા દિવસ તેણિ પરિ[7] ગમે... ૧૨

---

૧. પૃથ્વીતટે ૨. છેડો ૩. રત્ન ૪. પાસે
૫. નિવાસ ૬. ક્રીડા ૭. એ પ્રમાણે

વિદ્યાધર એક આવે તિહાં,
[1]કીરનું યુગલ રહે છે જિહાં;
તે દેખી સૂડી સૂડો,
રૂપે કરી અતિ હી રુડો... ૧૩
વિદ્યાધરે તે લીધાં બેઉ,
હેમ પંજર ઘાલ્યાં તેઉં;
ઘણા દિવસ પહેલું ધીરઠે[2],
કલા પછી તેહને શીખવે... ૧૪
વિદ્યા સઘળી રૂડી ભણી,
વાત લહે છ દરશન તણી;
વિદ્યાધર ચિત્ત તેહ સૂં અપાર,
તેહ વિણ ન શકે ઘડી લગાર.. ૧૫
યુગલ લેઇ તે સઘળે ભમે,
સૂડા સરિસુ અહિનિશિ રમે;
જુગલ સહિત સુખ વિલસે બહુ,
તેહ વિણ સૂનું દેખે સહુ... ૧૬
એક દિવસ ગુરૂ દીઠા એક,
વિદ્યાધર વંદે સુવિવેક;
તેણે દીધો તેહને પ્રતિબોધ,
વિદ્યાધર મને હુઓ વિબોધ... ૧૭
દયા તણી વાત મુનિ કીધ,
મલયાચલ તસુ[3] મુકી દીધ;

---

૧ પોપટ ૨ ધૈર્ય બંધાવી, વિશ્વાસ બેસાડીને ૩ તેમને

સૂડો સૂડી સુખ વિલસંતિ,
તતખિણ સૂડી સુત પ્રસવંતિ... ૧૮
દેવ તણુ હુઓ કોઇ જોગ,
માંહો માંહી કરે વિયોગ;
સૂડીનો મુકે સુક મોહ,
સૂડી બાપડી ધરે અદોહ[1]... ૧૯
સૂડે આણી બીજી નારિ,
તતખિણ હરખિઓ હિય મઝારી;
મુકી સૂડી તે બાપડી,
મુખ ન લહે તે ઘડી આપડી... ૨૦
તેહ મનાવે નિજ ભરતાર,
મુજને કાં મેલો નિરધાર;
માહરો કાંઇ કાઢે ન દોષ,
મૂઝ ઉપરે કરો ફોકટ રોષ... ૨૨
નીઠર થાઇશે જો ભરતાર,
મુજને આપો પુત્ર અપાર;
સ્રીને સુખ પહેલું ભરતાર,
નહીતર સુતનો હોય આધાર.. ૨૨
સુત પાખે સ્વામી શું કરૂં;
ઝંપાપાત[3] કરી હું મરું;
એકલડી હું અબળા બાળ,
દુઃખ ઝુરે હવે હિયા મંઝાર... ૨૩

---

૧ અદ્વેષ, નિર્દોષ ૨ નિર્દય ૩ આકાશમાંથી ધરતીપર પડતું મેલીને

તેણે કારણે સુત આપો તમે,
કાલ સુખે જેમ નાખું અમે;
મુરખ પુત્ર કશો માગતી,
તું તાહરે મને નથી લાજતી... ૨૪

॥ દુહા ॥

સૂડો સૂડી પ્રતિ ભણે, પિતા તણો સુત હોઇ;
માતા સૂં સગપણ નહી, એ જાણે સહુ કોઇ. ૨૫
તું તાહરી લગે વઢડી, હું નહીં આપું પુત્ર;
દુઃખ ધરે તવ સૂડલી, કંત હુઓ ન શત્ર[1]. ૨૬
સૂડી તવ વળતું ભણે, સાંભળો મૂરખ વાત;
છોરૂ હુઇ માતા તણાં, એ સઘળુંએ વિખ્યાત...૨૭
બેઉ વિવાદ કરંતડા[2], બેઉ રચે ઉપાય;
નગરે જઇ રાય પૂછા, ઇ કરસ્યે હવે તે ન્યાય...૨૮

॥ ચોપાઇ ॥

કંચનપુરે આવ્યો શૂકરાજ, ઓ લલિત નામે તિહાં મહારાજ;
સૂડે પહેલું કરિયું પ્રણામ, રાજા પૂછે હવે શું કામ... ૨૯
સૂડે સ્તુતિ કીધી નૃપ તણી, રંજિયો રાય મયા[3] કરિ ઘણી;
સૂડીલો પ્રતિ પ્રણમી પાય, મધુર વાણિ વિનવિયો રાય... ૩૦
બોલાવિઓ રાઇ સૂડલો, કેમ પામ્યા તુમ્હ ગુણ એતડો;
કો'ને સૂડા હવે શું કામ, બોલે બેઉ મૂકી મામ[4]... ૩૧

---

૧ વેરી. ૨ કરનારા ૩ કૃપા ૪ સંકોચ

સૂડે સૂડી કહિયું વરતંત, રાય રહે મન માંહી હસંત;
તે ખંખા[1] કાહ આપા પણું,
સુખ દુઃખ સઘળું તે મન તણું... ૩૨
રાય બોલાવે નિજ પ્રધાન, ન્યાય કરો તમ્હે બુદ્ધિ નિધાન;
મંત્રીસર વળતું ઇમ કહે, એહ વાત સહુ ન્યાની[2] લહે...૩૩
વયણ સુણી રા' કોપિઓ અપાર,
ઘણો ન ધીર એ ન્યાય વિચાર;
મંત્રીશ્વર તુમ્હ ચી[2] ગઇ બુદ્ધિ,
વૃદ્ધપણુંને નહીં તુમ્હ શુદ્ધિ... ૩૪
ગર્વ ધરી બોલે મહારાજ,
ન્યાય કરીશે લઈ આજ;
ન્યાયપણું નથી દોહિલું[3],
અમ્હાને અછે સહુ સોહિલું[4] ... ૩૫
વાવે બીજ ખેત્ર કરસણી[5],
અન્ન સઘળું લે બીજનો ધણી;
ખેત્ર ખેત્રને ઠામે જ રહે,
ખેત્ર બીજ મૂળે ન લહે... ૩૬
ખેત્ર સરિખી સૂડી હોઇ,
સૂડાનું બીજ લીધું સોઇ
સૂડી એનો સુત નહીં,
રાઇનીતિ[6] ખરા ઇમ કહી... ૩૭

---

૧ મિથ્યા. 'તે ખંખા કાહ આપા પણુ' એ ચરણનો ભાવ એ છે કે. મિથ્યા સબંધોમાં મમતા શાની ? ૨ ની (ષષ્ઠિ વિભક્તિ) ૩ કઠિન ૪ સ્હેલું ૫ ખેડૂત ૬ રાજનીતિ

વજાહત હુઈ સૂડલી,
બોલે અબળા હવે એકલી;
નરવર સંભળી એસો ન્યાય,
શાસ્ત્ર કેસો તુમ્હના દઈ રાય... ૩૮
ન્યાય તમ્હારો હુઓ પ્રમાણ,
એક વાત તુમ્હ સુણો સુજાણ;
ન્યાય લખાવો કાગળે રાજ,
ન્યાય સંભારશે ઉપને કાજ... ૩૯
ન્યાય લખી રાખીઓ ટીપણે[1],
રાજા વારિઓ લોક ઘણે;
રાય કહે માહરી શી ચિંતે,
સૂડી દુઃખ ધરે તવ ચિત્તે... ૪૦
સૂડી મૂકી સૂડો જાઇ,
સુત લીધે રળિયાયત[2] થાય;
કંત વિના તે હુઈ નિરાસ,
પુત્ર પખે મુકે નિસાસ... ૪૧

॥ દુહા ॥

વયણ[3] સુણી નરવર તણાં, સૂડી કરે વિલાપ;
ફરિ રે દેવ કિં ગિઓ, કરિઓ લાગો મુઝ સંતાપ... ૪૨

---

૧ નોંધનો દસ્તાવેજ મધ્યકાળે કાગળનાં વિંટા કે જેમાં નોંધ કરી હોય તેને ટીપણું કહેતા. ટીપ યાદી.
૨ પ્રસન્ન રાજી ૩ વચન

ટળવળતાં ધરણી ઢળી, સૂડી ચેત ન[1] હુંતિ;
શીતળ ઉપચારે કરી, તતખિણ તે જપંતિ... ૪૩
સુત લઇ સુડો ગયો, તવ માય મેહલી ધાહ[2];
નરવર તેં એ શું કરિયું, દીધો એવડો દાહ... ૪૪
ઓળંભાદિ[3] દે નહીં, મેં કોણ કીધાં પાપ;
કોણ કર્મિ મૂજ સુત તણો, લાગો વિરહ સંતાપ... ૪૫
પંખ પસારી તિહાં થકી, જાઇ ઊડી જામ;
શેત્રુંજગિર રૂળિયામણો[4] લીધો તહાં વિશ્રામ... ૪૬

## ॥ રાસ ઢાળો ॥

શેત્રુંજ ગિર સોહામણો, જિહાં આદિ જિણંદ;
પ્રણમે કર જોડી કરી, એ મને હુઓ આણંદ... ૪૭
અરિહંત આગળે સૂડલીએ, અણસણ તવ લીધ;
દયાન ધરે નવકાર સાર, મન નિશ્ચલ કીધ... ૪૮
તિહાં થકી તે ઉધરિ એ, કાજ આપણુ સારિયું;
લહિઓ મણુયભવ સૂડલીએ, આપણુ પુ તારિયું... ૪૯
કંચનપુરિ તિહાં વસે શેઠિ, નામે ચંદન સાર;
ધણ કણ કંચન જસુ ઘરે, એ ધનનો નહીં પાર.. ૫૦
શેઠિ તણે ઘરે અવતરી, એ નામે ચંદન લેહા[5];
સોભાગિ સોહામણી એ, સોઈ રૂપની રેહા[6];... ૫૧

---

૧ ચેતન રહિત. મૂર્છિત ૨ પોકાર ૩ ઠબકો મેણું
૪ શોભાયમાન આનંદ પ્રદ ૫ ચંદનલેખા ચંદ્રલેખા
૬ રેખા.

જાતિ સમરણ પામતી એ, પૂરવ ભવ દેખે;
સકળ કળા તસ અવતરી એ, રુડો જિનધર્મ શીખે... ૫૨
સમકિત પાળે સમચિતે, જિન પૂજન કરતી;
સમરે શ્રી નવકાર સાર, મને જયણા[1] ધરતી... ૫૩
મન વચને કાયા કરી એ, નિરંતર શીલ પાળે;
ભણી ગુણી તે બોલ કીએ, નિજ કુળ અજુઆળે... ૫૪
બેટીની સંગતી થકી એ, હુઓ શ્રાવક તાત;
પુણ્ય પ્રમાણે નયર[2] માંહિ, હુઓ શેઠિ વિખ્યાત...૫૫
ચંદ્રલેહા કહે એક દિવસે, ને સુણો તુમ્હે તાત;
અશ્વ અપૂરવ[3] આણીએ એ, ઇહાં છે એક વાત...૫૬

## ।। દુહા ।।

પુરૂષ દશો દિશિ પાઠવ્યા, વેગે મ[4]લાઓ વાર;
દેશ દેશના જુજુઆ, આણ્યા તરલ[5] તોખાર. ૫૭

## ।। ચોપાઇ ।।

મુલતાણ હરમજ કુકણાં,ખુરસાણી ખસ ખર્પર તણા;
કાશ્મીરા કાંબોજાયણા, ઉત્તર પંથા નહિ કા[6]મણા[7]. ૫૮
પાણી પંથા કૈ કાયલા, તેજી તાજા છે જાયલા;
સરસરિયાને ગંગાજળા, કાછલા તેજી નિરમળા. ૫૯

---

૧ કાળજી ૨ નગર ૩ અપૂર્વ ૪ ન ૫ ચંચળ ૬ કોઇ ૭ ખામી (નોંધ) ૫૮ થી ૬૦, ક્રમની ચોપાઇઓમાં પ્રાદેશિક અશ્વો ગણાવ્યા છે.)

ભાલેજાને આદણુ તણા, સિંધુખંડના આણ્યા ઘણા;
સરલ તરલ ને ઉચ્ચાસણા, ચંચળ કાંને મનિ પ્રીછણા[1]. ૬૦
આવ્યા અશ્વ ઘણી જાતિના, નાના વિધિ દીસઇ ભાતિના;
તરલ તુરંગ પાટિયા ઉતારી, એહવા અશ્વ કોહીની બારી[2]. ૬૧
નયર તણે પરિસર ઉતર્યા, ચઉટ ચઉટ તે સંચર્યા;
રા[3]દીઠ તુરંગમ જામ[4], કહિના ઘોડા કહો મૂઝ નામ. ૬૨
ચંદનસાર તણા તોખાર, રાઇ બોલાવિઓ ચંદનસાર;
વેચતા ઘોડા દિઓ તુમ્હે, દ્રવ્ય ઘણું દેશું વળી અમ્હે ૬૩

॥ વસ્તુ ॥

ચંદ્રલેહા (૨) કહે વરતંત[5],
આમ તાત તુમ્હે સાંભળો;
અશ્વ એક કહે નહીં મ દેશો,
દ્રવ્ય ઘણું આપે જિકો[6]
લાભ કાજે મૂલે ન લેશો.
રાયે વેંચાતા માગતો;
શેઠિ નહીં આપે જામ,
ચંદ્રલેહા કહે બાપને
ભૂપતિ શું છે કામ... ૬૪

---

૧ કાનવડે સ્વારના મનોભાવને જાણુનારા ૨ એવા અશ્વો કોને દ્વારે છે? ૩ રાજા ૪ જ્યારે ૫ વૃતાંત ૬ જે કોઇ

## ॥ ચોપાઈ ॥

રાય ભણે સુણે ચંદનસાર,
વેંચો નહીં તો તમે તોખાર;
અશ્વી સખર[1] અછે[2] અમ્હારી જિ,
આપો તુરંગ સંગમ કાજિ... ૬૫
બેટીને આદેશ કરી, શેઠિ આવ્યા સઘળા તુરી;
અશ્વી અશ્વે સંગમ કરયા, ગરભ અપૂરવ અશ્વી ધરયા. ૬૬
પ્રસવ્યા તુરંગમ હુવા સુરંગ, તેજી તરલ અતિહિ સુંચગ
પંચ વરસ તે ચાલ્યાં જિસે, અશ્વ ઘણા હુવા હવ તેસે. ૬૭
એક દિવસે બહારે સંચર્યા, નિજ ઘોડા હુંતી[3] અવતર્યા;
ચંદ્રલેહા તે ધાઈ સૂ હર્યા, રાય તણા જણ દૂરે કર્યા. ૬૮
શેઠિ વળી મને બીહેં ઘણો, આમાં તાત કામ છે આપણો;
તુમ્હે નહીં રાજા કાંઈ કહે, એક વાત મુઝ બેટી લહે. ૬૯
એણી પરે કહેવું સ્વામી તુમ્હે, રાયને ઉત્તર દેશું અમ્હે;
તેડવા આવ્યા રાયના દૂત, વેગે થઈ શેઠિ ઘરે પહલુત[4]. ૭૦
રાય કહે સાંભળે રે દાસ, સદા વસે તુમારે વાસ;
અશ્વ ઉદાળી[5] લીધા કિશું, કારણ કહિરે હુઇ જિસ્યું. ૭૧

## ॥ દુહા ॥

શેઠિ કહે કર જોડિ કરિ, હું નવિ જાણુ દેવ;
શેઠિ ભણે સ્વામી સુણો, ચંદ્ર લેહા કહે હેવ[6]. ૭૨

---

૧ સુંદર ૨ છે. ૩ થકી ૪ હલચલ ૫ લુંટી ઝુંટવી
૬ ભેદ

કારણ જાણે એહરું, ચંદ્રલેહા તસ નામ;
રાજા થયુ મને કઉતિગી, રાઇ તેડાવે તામ. ૭૩

## ॥ રાસ ઢાળ ॥

ચંદ્રલેહા હવે કુંવરી એ, તવ રાય તેડાવે;
પાલખીએ બેસી કરીએ, નૃપ મંદિરે આવે...૭૪
સહિયર સાથે પરવરી એ, રાઈ તવ દીઠી;
વેગે આવી તાતને એ, ઉછંગે[1] બેઠી...૭૫
રાય કહે કોપે ચડિયો એ, બેઉ નયણ[2] ચડાવ્યાં;
આજ અમ્હારા અશ્વ રયણ[3] તેં કાં લેવરાવ્યા...૭૬
ન્યાય રીતિએ તુમ્હ તણિ એ, ઉલાળી[4] લીજે;
રૂડે[5] જો તું ખપ કરે, એ આણી પાછા દીજે....૭૭
ચંદ્રલેહા તવ ઇમ કહે એ, સાંભળે મહારાજ;
ન્યાયરીતિ પ્રીછિ[6] કરી એ, અમ્હે કીધો કાજ...૭૮
ન્યાય કરિઓ છે શ્રી મુખે, તે કાંઇ વિસારો;
બોલ થકી નવિ ચૂકીએ, નિજ ન્યાય સંભારો...૭૯
રાય કહે તે ન્યાય કિશો; મુજ ના'વે ચીતે;
પાછલે ભવે તુમ્હે કરિયો, રાય હુઓ સચીતે...૮૦
કહિઉં ન માનો માહરઉ એ, તો મંત્રી પુછાવઉ;
સંદેહ ટાળો આજ દેવ, કહે લિખ્યું અણાવો...૮૧

---

૧ ખોળે ૨ નેત્ર ૩ રત્ન ૪ લુંટી ૫ શુભ પ્રસંગે
૬ જાણીને

લિખ્યું અણાવિઉં ભૂપ તચેં, કાગળ વંચાવી;
ચંદ્રલેહા તેણે અવસરે એ, ભૂપતિ મનાવી... ૮૨
અમ્હ ઘરે જે છે દ્રવ્ય ઘણા, તે તો સહુ તુમ્હારા;
નિજ ન્યાય કરી અશ્વરયણએ, હુવા[1] અમ્હારા... ૮૩
કાળ મુહ રાજા હવો, એ મને ઘણું વિમાસે;
જોઇ કુડ આપણો એ, નુંવડ[2] ઈસું ભાસે... ૮૪
ચંદ્રલેહા સજન[3] દ્રગે, હરખ્યા ઘરે જાઈ;
નયર[4] લોક પ્રસંશીએ, કુતિગ[5] મને થાઈ... ૮૫

॥ વસ્તુ ॥

કહે ભૂપતિ, કહે ભૂપતિ, સુણો તમ્હે શેઠિ,
કન્યા જે છે તુમ્હ તણી, ચંદ્રલેહા નામે મનોહર;
મુજ પરણાવો સહી, એહ વાત પરિણામિ સુંદર;
શેઠિ વિમાસણ તે કરે, પૂછે કન્યા જામ[6];
ચંદ્રલેહા તવ ઇમ કહે, વિવાહ કરો અભિરામ. ૮૬

॥ ચોપાઇ ॥

રાઇ કહે મઈ[7] કેણિ પરિ નડી,
ડાહિમ[8] હુતી તૂજ કેવડી;
રાય તણે મને વયર[9] ઉહલે[10],
એક દિવસે રાય તેહનું હસે... ૮૭

---

૧. થયા. ૨. એનાથી મોટું કુડ કોઈ નથી એમ લાગ્યું. ૩. સગાઓ ૪. નગર ૫. કૌતુક ૬ જયારે ૭. મને ૮. ડહાપણ ૯. વૈર ૧૦. ઉખળ્યું.

સ્ત્રી માંહિ તું દોભાગિણી[1]

મેં કીધી તુજ નહીં રેવણી[2];

પ્રતિજ્ઞા હુઈ પૂરી આજ,

મેં તાહરૂં વિણુસાડિઉં કાજ... ૮૮

ચંદ્રલેહા કહિ ધીરઠ[3] થઈ,

એહ વાત મૂજ કરમે હુઇ;

માહરી પ્રતિજ્ઞા[4] સાંભળે દેવ,

ઘણી કરાવીશ માહરી સેવ... ૮૯

માહરો એઠો જે આહાર,

હું જિમાડીશ તુજ ભરતાર;

તો હું જો સ્ત્રી હવિ તાહરી,

ખાટ તળાઇં[5] વાહવું[6] માહરી... ૯૦.

ચંદ્રલેહાનાં સાંભળી વયણ[7],

રાઇ રાતાં કીધાં નયણ;

સાન ગઇ શું તુજની આજ,

મૂજ શું બોલે મુકી લાજ... ૯૧

ચંદ્રલેહા જિન પૂજા કરે,

અને વિશેષે તપ અનુસરે;

પુન્યે સહુએ સંકટ ટળે,

પુન્ય કરે તિહાં અફળા ફળે... ૯૨

---

૧. અણુમાનેતી ૨. નિર્વાસિત ૩. ધૈર્યવંત ૪. ટેક
૫. ગાદલું ૬ ઉપડાવું ૭ વચન.

એક દિવસ વિનવિઓ રાય,
માગુ સ્વામી એક પસાય[૧];
માહરે છે હવે તપનું કાજ,
આમ તાણિ[૨]ઘરે જાઉં આજ... ૯૩

રાય વચન તવ હુઓ જામ[૩],
પિતા તણે ઘરે આવી તામ[૪];
ઊઠી શેઠિ સહેજે મિલે,
બેટી તણે દુઃખે ટળવળે... ૯૪

નિજ ઉછંગે બેસારી તાતે,
બાઇ કાંઈ કહોને વાત;
ઉજમણું[૫] તેણે તપનું કીધ,
વસ્ત્ર પાત્ર મુનિવરને દીધ... ૯૫

તુજ દુઃખ દેખી ન શકું માઇ,
કહે વછિ[૬] કો તવો[૭] ઉપાય,
આમ તાત કાંઇ ચિંતા કરો,
એક અમ્હારૂ કહિઉં તમ્હે કરો... ૯૬

દેઉ કન્યા મૂજ સમ પચ્ચાશ,
જસ[૮] નાટકનો હુઇ અભ્યાસ;
સુરંગ દેવારો મુજ ઘરે થકી,
તે મુહુ[૯] મમ મંદિર લકી[૧૦]... ૯૭

---

૧. બક્ષિશ–કૃપાદાન ૨. પિતા ૩. જયારે ૪. ત્યારે ૫. ઉજવણું ૬. પુત્રી ૭. કહો ૮. જયાં ૯, મુખ ૧૦. સુધી

મણિમય મંદિર કરાવો એક,
મંડપ અપૂરવ માંહિ અનેક;
વયણ[1] સુણી હરખિઓ મને તામ,
શેઠિ કરાવિઓ ઘર અભિરામ... ૯૮
ચંદ્રલેહા સામહણી[2] કરી,
સહિયર સાથ ઈતે પરિવરી;
પઇયાળિ[3] કીધો પરવેશ,
નિર્મળ પહેર્યો વારો વેશ... ૯૯
મણિમય ભવન કરાવિઉં જિહાં,
નાટક નવરંગ[4] મંડે તિહાં;
ધ પ મ થ ર[5] ધોં ધોં કાર,
પાએ[6] નેઉર[7] રમઝમ કાર. ૧૦૦
માદળ[8] ના કીધા રણકાર,
આલવિઓ[9] તિહાં રાગ અપાર;
ચંચ[10]પટર[11]તાલ[12]કંસાલ[13],
વાઇ વીણા તિહાં રસાળ... ૧૦૧
દોં દોં ધધ કટિ કરિ થનગની,
પાઢિ પરે પાય ઠવઇ[14]પદમની;

---

૧. વચન ૨. માલિકણુ ૩. પાતાળે ૪. નવરસ યુક્ત ૫. એ સંગીતના સ્વરો છે. ૬. પગે ૭. નુપુર ૮. એક વાજિંત્રનું નામ ૯. આલાપ્યો ૧૦,૧૧,૧૨,૧૩, વાજિંત્રોના નામ છે ૨૪. પાટ ઉપર પગનો ઠમકો કરવો

મધુર વાણિ મુહડે ભાખતી,
રૂપે કરે રંભા ભારતી.[1] ... ૧૦૨
મન ગરબી[2] બોલે બોલડા,
મુજ આગળે નર શા બાપડા;
નાટક માંડયા જબ બત્રીસ[3],
સુર નર સહુએ ધુણ્યાં સીસ... ૧૦૩
ભેરી ભુંગળ તિવળ[4] વાજંત,
નયન બાણ આપ્યાં આતિંત;
ચંદ્રલેહા તે માંહે સ્વામિની,
કહિઉં કરે સઘળી કામિની... ૧૦૪
દિન દિન નાટક હુઇ અતિ સાર;
નયરિ તે સુણે રાય અપાર;
રાય વિમાસે હિયડે સોઇ,
કિયાં અપૂરવ નાટક હોઇ... ૧૦૫

॥ દુહા ॥

કે પાયાળે[5] કે ગિર શિહરે;[6], કંઇ અનંત આકાશ;
નયરિ મઝિ કે સુર ભવણુ[7], નાટક હુએ છે જાસ... ૧૦૬
વીણા વાએ તુંબર,[8] કિંનર ગાંન કરંતિ;
વીણા મનોહર દેવની, રાજા મને ચિતંતિ... ૧૦૭

---

૧. સરસ્વતી ૨. ગર્વિષ્ઠ ૩. નિશ્ચયેં ૪. એ ત્રણે વાજિંત્રોના નામ છે ૫. પાતાળે ૬. શિખરે ૭. દેવલોકે ૮. વાદ્ય વિશારદ એક ગાંધર્વ.

## ॥ ચોપાઇ, રાસ ઢાળે ॥

ચંદ્રલેહા નિજ ઘરે થકી એ, રાય ચરિય[1] જોયાવે[2];
એક સખી હવે આપણી એ, રાય ઘરે આવે... ૧૦૮
એક મના થઈ સંભળો એ, રાય મુકી કામ;
ગીત સંભારે તે વળીએ, નાટક અભિરામ... ૧૦૯
રાયતણું તવ ચિત્ત હરિઉં એ, મને ચિંતઇ તામ[3];
ભૂખ તરસ નહીં રાયને એ, ન લહે વિશ્રામ... ૧૧૦
નિદ્રા શૈયા પરહરિ, ને સુણો હવ તામ... ૧૧૧
પંડિત જોશી પુછીએ એ, રાજા એમ દાખે;
નાટકનું મુજ ઠામ કહો, તે કો' નવિ ભાખે... ૧૧૨
અહિનિશી સમરે મનહમાહિ, નાટિક સુખ લિનો[4];
ચિંતાતુર તે કૈુતિગી એ, ડીલે[5] હુઓ ખીણો[6]... ૧૧૩
ચંદ્રલેહા બુદ્ધિ કરી એ, એક યોગિણિ કીધી;
રાય કન્હે તે મોકલી એ, સમરથ ને સિધી[7]; ૧૧૪
દંડ ધરે સોવન તણો, કાંને કુંડલ દીપે;
અક્ષ તણી માલા ધરે એ, જાણે ત્રિભોવણ દીપે... ૧૧૫
હેમ મય આસણ પાલઠી[8] એ, જોગી વટો[9] ધરતી. ૧૧૬
હાથે વીણા વિંઝણો એ, નરવર કન્હે આવે;
રયણ સિંહાસણ વેગે કરી, ભૂપતિ મંડાવે... ૧૧૭

---

૧. ચરિત્ર ૨. જોવરાવે ૩. ત્યારે ૪. લીન–તલીન ૫. શરીરે ૬. દુબળો ૭. સિદ્ધિવંત ૮. પલાંઠી ૯. યોગીનિપણું

રાય ભણે તુમ્હ દરશને એ, મુજ મનોરથ ફળિયા;
પૂરવ પુન્યે આજ દેવ, જો તુમ્હે મુજ મળિયા... ૧૧૮
વાત એક છે માહરે એ, મન માંહિ આણો;
જ્ઞાન પ્રમાણે સ્વામિની એ, સહુએ તુમ્હે જાણો... ૧૧૯
વાત સવે ત્રિભોવન તણીએ, તે સઘળી જાણું;
શશિહર[1] દિણયર[2] એ બિ-હેય, કહે તો સાહી[3] આણું ૧૨૦

॥ દુહા ॥

રાય કહે સુણો સ્વામિની, માહરે છે એક કાજ,
એ નાટિક કહાં નિપજે, માઈ દેખાડો આજ... ૧૨૧
સંભળે નરવર મુજ વયણ[4], સાહસ આણી અંગ;
પુહવી[5] સઘળી દેખાવું, રાઈ ઘરે ઉચ્છરંગ[6] ... ૧૨૨

॥ ચોપાઈ ॥

રાજા હુઓ સાહસ ધીર,
યોગિણી કીધું દેવ શરીર;
ત્રિણે પાટ યોગિણી બંધેઉ,
રાજા યોગિણિ ચાલ્યા તેઉ... ૧૨૩
પાયાળે[7] કીધો પરવેશ[8],
મણિમય ઘર તિહે[9] લીઓ નરેશ;

---

૧. ચંદ્ર ૨. સૂર્ય ૩. પકડી ૪. વચન ૫. પૃથ્વી
૬. ઉત્સાહ. ૭. પાતાળે ૮. પ્રવેશ ૯. તેમાં

છોડયા પાટ તિજે તળે[1],
કુતિગ ઘણાં દેખે તે મળે... ૧૨૪
નવલ નવલ દેખે અંગના, રાજા જાણે દેવાંગના;
સજા આવિઓ જાણી કરી, રાય તણું ચિત લીધ હરી. ૧૨૫
ચંદ્રલેહાનું દીઠું રૂપ, દેવકન્યાથી અધિક સુરૂપ;
રાજા દેખે જેમ નર નારિ, એ જામિલ[2] કો નહીં સંસારે. ૧૨૬
નાટક કીધાં તિહાં બત્રીશ,
તતખિણ જોગિણિ દીએ આશીશ;
નાટક કરી પરિવારિઉં જે સહી,
વ્યાહણું[3] હઉં વસજુતિ[4] સહી.... ૧૨૭
ચંદ્રલેહા આણી રસવતી,
મોદક મોટા મેલ્હે સતી;
સાલિ[5] દાળિ ઘેવર ઘૃત ઘોળ,
માંહો માંહિ કરે રંગ રોળ.... ૧૨૮
તતખિણ બોલે તે યોગિણિ,
પાતાળ રાયની તું કામિનિ,
તું આવી મુકી નિજ રાજ,
ઇહાં કશું છે તાહરૂં કાજ.... ૧૨૯
ચંદ્રલેહા બોલે સુંદરી,
એ માહરી સઘળી કિંકરી;

---

૧. ભોંયરામાં ત્રિજે તળિયે ૨. જોડ ૩. પ્રભાત. ૪. સૌ વસ્તુ સમેટાઇ ગઇ ૫. ભાત

ધરણીંદ્ર માગી કન્યા એહ
હઠ કરી એ લેસિઉં[1] તેહ.... ૧૩૦
તેણે કારણે મેં છંડિઓ તામ,
તિહાં રહતાં મુઝ વિણસે[2] કામ;
રયણ ભવન કરાવિઉં ઇહાં,
રહીએ બાઇ સુખ હુએ તિહાં... ૧૩૧
તુમ્હ આગળે મેં ભાખિઉ સહુ,
તેમ કરાવો જેમ સુખ હુએ બહુ;
યોગિણિ ઝાલી જિમણે હાથે,
જિમવા બઇઠાં બેહુ સાથે. ૧૩૨
એકણિ થાળે જિમે છે સઇ,
યોગિણિએ સંભારિઉ તિસેઇ[3],
માથું ધૂણે જિમે તેઉ,
છાત્ર[4] વિસારિઓ માહરો એઉ... ૧૩૩
ચંદ્રલેહા તતખિણ પૂછંતિ,
છાત્ર તુમ્હારા તે કુણ હુંતિ;
દેવ વિદ્યાધર કિન્નર કોઇ,
કે પુણ માનવ નિશ્ચય હોઇ.... ૧૩૪
સુણે સુંદરી તું એહનું નામ,
રાજા ઓ લલિત છે અભિરામ;

---

૧. લઈ લેશે ૨. બગડે ૩. ત્યારે ૪. શિષ્ય

માનવનું સઉ કરે વખાણ,
ચોગિણિ કહે તે અતિ હી સુજાણ... ૧૩૫
તેહને આજ જમાડો તુમ્હે,
જેમ રૂડુ માનો હવે અમ્હે;
ચંદ્રલેહાએ અઇઠું[1] ઘાલ,
ભૂપતિને આપ્યું તતકાલ....૧૩૬
થાળ લેઇ તે રાજા જિમે,
જેમ જેમ પિરસે તેમ તેમ ગમે;
રંક તણી પરે ખાધું ધાન,
ઊપરે આપ્યાં ફોફળ પાન.... ૧૩૭
રાય કહે સાંભળ ચોગિણિ,
એક અપાવ મૂઝ કામિની;
તું તુઠી હું જાણું કેમ,
એહ કાજ મૂજ સારો એમ. ૧૩૮
ચોગિણિ કહે તુમ્હ સુણો કુમારિ,
કન્યા જાણો હિય[2] મંઝારિ[3];
એક અમ્હારૂં કહિઉં કરો,
ભૂપતિને એક કન્યા વરો... ૧૩૯
દેવ રૂપા છે એહ નરેશ,
આણુ નવખંડ આણુ તુમ્હ લવલેશ;
ચંદ્રલેહા ઇહાં રાજા વરિઉ,
રાજા હિયડું અહિહી ઠરિઉં... ૧૪૦

---

૧. એઠું ૨. હૃદય ૩. મધ્યે

ચંદ્રલેહા જણાવી વાત,
પ્રતિજ્ઞા પુરો માહરી માત;
તુમ્હને હુઓ રાઇ ઉજાગર,
ઉપરે જઇને નિંદ્રાકર... ૧૪૧
ખાટ તળાઇ ઉપરે છે,
એક કન્યા તવ બોલી પછે;
ખાટ તળાઇ નથી ઇહાં,
ખપ કરશે તે લેશે તિહાં... ૧૪૨
ઇણે વચણે માને સો પસાઉ,
શેંજ્યા ઢોલિયો ઉપાડે રાઉ;[1]
ઉપરેં લઇને પોઢિયો જામ,
ચંદ્રલેહા હિવે આવી તામ... ૧૪૩
ચતુરપણે તે કરે આલાપ,
કામ તણો તવ હુઓ વ્યાપ;
રાજા રંજિઓ[3] અતિહિ અપાર,
આજ સફળ હુઓ અવતાર... ૧૪૪
સકળ શિરોમણી છે નારિ,
એ જાંમલિ[4] કો નહિં સંસારિ;
રાય તણું ચિત હરિઉં અપાર,
એ કન્યા છે ગુણભંડાર... ૧૪૫
રાય તણે મન અતિ હી વસી,
અવર[5] ન માને નારિ કીસી;

---

૧ રાજા. ૨ ત્યારે. ૩ પ્રસન્ન કર્યો. ૪ જોડી.
૫ અન્ય.

રાય કહે હું તાહરો દાસ,
તાહરી સહુએ પુરૂં આશ... ૧૪૬
પાછલી રાત હુઇ જેટલે,
પાટા બાંધ્યા નયણે તેટલે;
રાય આણિઓ નીય[1] ઘરે વળી,
રાય તણી પુગી મન રળી[2] ... ૧૪૭
ચંદ્રલેહાનાં સીધાં કાજ,
આપણે વસિ કીધો મહારાજ;
બુદ્ધિ તણું એ વડું પ્રમાણ,
કાજ કરે આપણો સુજાણ... ૧૪૮
સકળ શિણગાર કરિયા નારિ,
આવિ અંતેઉર[3] મંઝારિ;
સુખ વિલસે બેહુ નેહ અભંગ,
દિન દિન બેહુ કરે ઉછરંગ... ૧૪૯
એક દિવસ બેહુ રંગ માંહિ,
રાજા પૂછે ધરે ઉછાહિ;[4]
ચરિત્ર અપૂરવ દીસે દેવ,
કારણ કિસિ ન જાણ્યું હેવ... ૧૫૦
ચંદ્રલેહા બોલે સા નારિ,
પ્રાણનાથ મૂઝ વયણ અવધારિ;
અવિનય કીધો મેં મહારાજ,
તે ખમજયો સ્વામી તુમ્હે આજ... ૧૫૧

---

૧ પોતાને. ૨ આશા. ૩ રાણીવા, અંતપુર. ૪ ઉત્સાહ.

સઘળો તીણે કહિઓ વરતંત,
રાજા કહે મન માંહિં હસંત;
જે જેસ્યું[1] નર રાતુ[2] હોઇ,
અવગુણ ના ગુણ માને સોઈ... ૧૫૨
રાજા કહે તૂજ વડું વિનાણ[3],
તૂજ આગળિ મેં મેલ્યું માણ[4];
રાય રાણી મનરંગે રમે,
ઇણ પરિ સહસ[5] વરસ નિગમે[6]...૧૫૩
પાતાળે મંદિરે જાઇ બેઉ,
ક્રીડા અહિનિશ કરતાં તેઉ;
આવ્યા ગુરૂ અભયંકર સૂરિ,
દરશણે દુરિયપણા[7] સૌ દૂરિ...૧૫૪

## ।। દુહા ।।

રાજા રાણી સહિત શું, આણી ભાવ અપાર;
ચરણ કમલ વાંદી કરી, ગુરૂ કહે ધર્મ વિચાર...૧૫૫

**।। ઢાળ ।।** (શ્રીજી રાવતિયા સનાહ—એ ઢાળ)

ભવિયણ[8] ભાવિ[9] સાંભળો એ, શ્રી સહિ ગુરુવાણી;
વિકથા[10] ચારે પરહરો એ, હૈડે એશું આણી....૧૫૬

---

૧ જેના પર ૨ લુબ્ધ મોહિત. ૩ બુદ્ધિ, સૂજ ૪ ગર્વ
૫ હજાર ૬ વિત્યાં ૭ પાપ ૮ ભવ્યજીવો. ૯ સ્નેહપૂર્વક
૧૦ વિષયો.

આવશ્યક છે સાચવો એ[1], મ કરો પરમાદ;
સામાયિક કરે જીવ તો એ, ટાળે વિખવાદ...૧૫૭
રાગ દોષ સનેહ ટાળિએ, સમતા ભાવ ધરવો;
પડિક્કમણું ઊભય કાળે કરો, સામાયિક લેવો...૧૫૮
ભાવ ધરી તેણે ચંદ્રલેહ, મને નિશ્ચય લેશું;
એક સામાયિક દિવસ પ્રતિ, નવે નિશ્ચય કરશું...૧૫૯
સામાયિક કરે ચંદ્રલેહ, મન છાને આણી;
ધર્મ ધ્યાન ધરે મનમાંહિ, વથ[2] ટાળે પ્રાણી...૧૬૦
રયણી[3] ભોજન પરહરે એ, મને નિશ્ચયે પાળે;
અભખ્ય અન્હે વળી અનંત કાય, તે સહુએ ટાળે...૧૬૧

## " ચોપાઇ "

એક દિવસ સામાયિક લીધ,
ચંદ્રલેહા તેણે કાઉસ્સગ્ગ[4] કીધ;
તેણે વેળા આવી વ્યંતરી,
કાઉસગ્ગ દીઠી તે સુંદરી... ૧૬૨
ઉપસર્ગ[5] પોઢા કરે તે વ્યંતરી,
ન શકે મન તેહનું અપહરી[6],
કીધું રૂપ મહા વિકરાળ,
કાતિ[7] હાથે બિહાવે બાળ... ૧૬૩

---

૧ આ કાયા નાશવંત છે માટે તમે આ માનવ જન્મનો અવસર સાચવી લ્યો ૨ દુઃખ કષ્ટો ૩ રાત્રી ૪ કાયોત્સર્ગ ૫ વિઘ્નો ૬ ચળાવી ૭ કટાર છરો

તતખિણુ સુર તે માયા કરી,
રાજા બાંધી આગળે ધરી;
ખડગ ધરી તુજ હણું ભરતાર,
સામયિક તું મુકે ગમાર... ૧૬૪

કર્મ તણું જેણે મોડિયું[1] માન,
તેહને ઉપન્યું કેવલજ્ઞાન;
આવ્યા સુરનર કિન્નર ઘણા,
સંદેહ ટાળે સવે તણા... ૧૬૫

રાજા આવી લાગો પાય,
સયંમ માગે કરી પસાય[2];
શેત્રુંજ ઉપરે આવી કરી,
મુગતિ રમણિ જેણે હેલાં વરી[3]... ૧૬૬

સામાયિકનો એહ વિચાર,
ચંદ્રલેહાની ચોપાઇ સાર;
સામાયિક જે વિધિ શું કરે,
ભવ સમુદ્ર તે હેલાં તરે[4]... ૧૬૭

એ સિદ્ધાંત તણો સુવિચાર,
ધર્મ માંહે સામાયિક સાર;

---

૧ કર્મનું અભિમાન નષ્ટ કર્યું. ૨ પ્રસાદ—દાન કર્યો. ૩ નિમિષ માત્રમાં મુક્તિ રૂપી સુંદરીનું જેણે વરણ કર્યું. ૪ તે નિમિષ માત્રમાં આ દુસ્તર ભવસાગરને તરી જાય.

સમયચિતિ સામાયિક કરો,
મુગતિ રમણિ જેમ હેલાં[1] વરો... ૧૬૮
પનર છાસઠ વરસે જાણ,
શ્રાવણ શુદિ તેરસ મને આંણ;
તેણે દિવસ હતો રવિવાર,
ચોપાઈ કીધી હરખ અપાર... ૧૬૯
ચંદ્રલેહાનો લેઇ સબંધ,
સામાયિકનો રચિઓ પ્રબંધ;
હર્ષકીર્તિ મુનિવર એમ કહે,
ભણે ગુણે તે સવે[2] સુખ લહે... ૧૭૦

"ઇતિ ચંદ્રલેહા (ચંદ્રલેખા) સામાયિક વિષયે ચંદ્રલેહા ચોપાઇ સમાપ્ત. સવંત ૧૬૭૬ વર્ષે ચૈત્ર વદિ ૧૧ રવિ" મુનિ રત્ન ચંદ્રેણ લિપિકૃતા "શુભં ભવતુ"

---

૧ નિમિષ. ૨ સૌ.

## પ.પૂ. આચાર્ય શ્રી શાલિભદ્ર સૂરિ કૃત

# 卐 બુદ્ધિરાસો 卐

ચારણ સાહિત્યમાં 'બુદ્ધિ રાસો'નું એક રૂપ કવિ જીવણ રોહડિયા કૃત 'નશીહતરી નિશાણી છે.' આમ જોઈએ તો એ એક રીતે 'બુદ્ધિ રાસો'ની ડિંગળી આવૃતિ જ છે.

પ્રણમું દેવી અંબા, હિંહ આસીની;
સ્મરું દેવી સિદ્ધિ, જિન શાસન સ્વામિની–૧

પ્રણમું ગણધર ગૌતમ સ્વામિ, પાપ વિનાશે જેના નામે,
સદ્ગુરૂ વચનો સંગ્રહ કીજે, ભોળાં લોકને શિખા-મણ દીજે...૨

કેંઈક વાત જે લોક પ્રસિદ્ધ, ગુરૂ ઉપદેશે કંઈક લીધ;
તે ઉપદેશ સુણાવું સૌ રૂડા, કોઇને આળ મ દેજો કુડાં...૩

જાણશો ન ધર્મ પ્રાણી વિનાશા, અજાણ્યે ઘરે ન કરશો વાસ
ચોરી આળ ચડશે કાંઈ ન લીધે, વસ્તુ કોઈ ન લેશો તમે અદીધે...૪

ઘર ઘર વાતો કરવા કેમેય ન જાશો, કુડાં આળ તમારાં મુખે પામશો; જ્યાં હોય એકલી નાર, જવું નહિં તે ઘરબાર...૫

ઘર પાછળ રાખે છીંડી, ત્યજવી એ નારી છીનાળી;
પરદારા ભગિની કહ્યે ન માને, પરસ્રીનાં વચનો ધરવાં ન કાને...૬

એકલા પ્રવાસે તો ન જવું, અજાણ્યું ફળ કેમેય ન ખાવું; જમતાં માનવોની ઈર્ષા ન કરજો, કહ્યા વગર પરઘરે કંઈ ન લેજો...૭

મોટાંને જવાબ કેમેય ન દેજો, શિખામણ દેતાં રોષ ન કરજો; હલકા વાસે ન વસવું કેમેય, ધર્મહીન ભાવ જાશે એમેય...૮

છોરુંડાં વિંટી જો હોય નારી, તો શિખામણ દેજો સારી; અતિ અંધકારે ન જમીશ, ડાહ્યો કોઇ જમવા ન બેસીશ...૯

ન શિખતો કુવડપણું ન ચાડી, વચને ન દુભીશ નિજ માડી; મર્મ પ્રિયજનનો તું પ્રગટ ન કરતો, અધિક લઈ તું ઓછું ન દેતો...૧૦

વિષધર જાતાં ને તું પગે ન ચાંપે, (પણ) મરણ જો આવે તો તું હૈયે ન કાંપે; જિરો પાછળ તું વ્યાજ ન દેજો, પૂછયા વણ ઘર નીર ન પીજો,...૧૧

છતિ કરીશ નહિં કોઈની યે બુદ્ધ, મોટાં સૂં માંડતો નહીં જુદ્ધ; અવિચાર્યું કોઇ કરવું નહીં કાજ. એવું ન કરવું જેથી હોય લાજ...૧૨

ના કહી હોય તે ગામે ન જવું, જે બોલવું તે તો પણ પાળવું; ખાતું હોય તે સામે ચાલી ન માગવું, પાછલી રાત્રે વહેવું જાગવું...૧૩

હંયે સ્મરીને કુલના આચાર, ગણીએ અસાર આ સંસાર; પાંચે આંગળીએ ધન દાન દીજો, પરભવે એહનું ફળ લીજો...૧૪

## ॥ ઠવણિ—૧॥

મર્મ વાણી ન બોલતો વીર, વિનોદમાંયે,
જળ નિધિ જેમ ગંભીર, જગે નર વખાણીયે...૧૫

ઉછીનું ધન લે, ત્યાગી ભોગી ને વિદ્યાધર તે જાણે વહેતા કરંડે; પગ દઇને સમુદ્રે પડે છે, જે નર વ્યાજે લઇ, ધન વ્યાજે દે છે...૧૬

એ નર જીવ કાજે, વિષ આગવને સંચરે છે...૧૭

ઊંડાં જળે ન પેસવું, સ્નેહીથી વધુ ન કહેવું;
સુના ઘરે ન પ્રવેશવું, નારી સું ચૌટે ન ઝગડવું...૧૮

વાણી વિચારી વદની, અવિચારીથી ધાંધલ થવી;
મુરખ મરે નઠોર, ધન જોબન બાવરા જે...૧૯

શક્તિ પ્રમાણે કોપ, શક્તિ પ્રમાણે સંગ્રામ. ન ઓળવીશ થાપણ, ખોટો વહેવાર ન કરતો કો'સૂં
ન કરતો જુગારી મિત્ર, ધન મળ્યે ઝગડતો નહિં.
ઘણાં લાડ ન લડાવો પુત્ર, સ્નેહીથી ખોટું કલહસૂત્ર,...૨૧

ધનોપાર્જન જોઇ, બાપની નિંદા ન કરે કોઇ; ઘર ધણી, ધર્મ વિહોણો જન્મ ન ગુમાવો...૨૨

ગાવું વિણ કંઠ, ગુરુ વિણ પાઠ, ગરથ વગર ગર્વ, એ ત્રણે અશોભિતાં...૨૩

## ॥ ઠવણિ—૨ ॥

હાંસી નિંદા ન કરતો કયાં, ધનવાન મૂર્ખ ન ખેલસો જૂયા, ન ભરતો કુડી શાખ કયાં...૨૪

મૂડી પ્રમાણે વેપાર કરવો, આરંભે તે પૂરો કરવો; સ્વનારીનો સંતોષ કરવો...૨૫

મોટાં સાથે વેર ન કરવું, વડા માણસને ધન ન દેવું ચોરશિયાની સાથ ન બેસવું, મોટાં માથે રિસ ન કીજે; શિખ પૂછે તો કુશિખ મ દેજે, વિનય કરતાં દોષ નથી...૨૭

પાતર સાથે પ્રેમ ન કરશો, ધનધાન્ય રપટથી હરશે, મૈત્રી ઓછાં સાથ ન કરવી...૨૮

થોડામાંથી થોડું દેજે વેળા આવ્યે કંજુસ ન થાજે ધન તણું અભિમાન ન ધરજે...૨૯

વેરી વ્યાધિ ઊગતાં મારો, પગ પર કોઈ કુહાડો મ મારો; સત મ છેકો વિપત પડયે...૩૦

અજાણ્યા રહી પંડિત ન થાયે, સંકટ પડયે સાજણ વારે છાયે, નારી પાસે ભેદ ન કહેવાયે...૩૧

અજાણ્યા કુળે ન કરવો વિવાહ, પાછળ હોશે હૈયે દાહ; દિકરી વેંચી દામ ન લેવા...૩૨

દેવને ન ભેટો ઠાલે હાથે, જવું નહિં અજાણ્યા સાથે; ભેદ ન કહેવો નારી આગળ...૩૩

અતિથિ આવ્યે આદર દીજે, જૂનું ઢોર ને કાપડ ન લીજે; હોય ત્યારે હાથ ન ખેંચજે...૩૪

દોડીને પ્રાણીને ખૂબ ન મારો, કલહ મચ્યે વચ્ચે પડી ન નિવારો, અચાનક જઇ પરઘેર ન જમશો...૩૫

મા બાપની સેવા ન છોડો. થાળીમાં એઠું ન છાંડો; હસવા માંયે ગુરૂથી ગરવ મ કરજે...૩૬

ધાન ઉપજ્યું હોય તો ન રહેતો ભૂખ્યો, પાસે મુડી તો ન જીવતો લુખ્ખો, મોટાં પાપને તજતો રે'જે...૩૭

દેશાવરે ગયો તો રાતે ન સૂતો, પગતે ટાળો કરવો નાંહિ, તૃષ્ણાનું તાણ્યું મન વહેશે...૩૮

ધંધાને ઘણો ફિટકાર લાગે, લાજ મુકીને સાજણ મ માગે. કોણ હોય કોઈનો ઊંધારિયો?...૩૯

પ્રાણી તણું જીવન રક્ષિજે, સૌ પર ઉપકાર કરીજે અસાર સંસારે સાર એ છે...૪૦

માણસે કરવા સૌ વ્વવહારો, પાતકી તણે ઘરે ન લેવો આહારો, પુત્ર પાસેથી ન લેવું...૪૧

જો કરવું તો આગળ ન માગે, ગાંધી સૂં ન કરવું ભાગિઉં, મરતાં ધન કો સાથે ન લેવાનું...૪૨

રોગ જાણ્યા વગર દવા ન કરતો, પરાણે કોઈનું ધન ન લેતો, ભાગ્ય વગર તો ધન નથી...૪૩

ધર્મી માટે પાપ વાર્તાનું શ્રવણ, એ તો આવ્યું જાણવું મરણ; માનવ ધર્મ-દાન કરાવી એ...૪૪

એ રીતે વૈદને પાપ ન લાગે, અને જસવાણ ભલેરી જાગે, લોભીને તો અડધે રાખે...૪૫

## ॥ ઠવણિ—૩ ॥

હવે શ્રાવક પુત્રો, બોલું તમ સૂં બોલ;
અવળે મારગ ચાલતાં, ઘટે ધરમનો તોલ...૪૬
એ નગરે ન વસવું, જ્યાં નો'ય દેવળ પોશાળ;
ભૂખ્યાં, તરસ્યાં,—ગુરૂજીને, છોરૂની ન હ્યે ...૪૭
ત્રણ વાર પૂજન કરે, સામાયિક બે વાર;
માબાપ ગુરૂ ભક્તિ કરે, જાણી ધરમ વિચાર...૪૮
કર્મબંધન થાયે, એવા મ બોલે બોલ;
અધકે ઓછે માપે, ખોટું કેમેય ન તોળ...૪૯
વધુ ન લેતો માપું લઇ, ઓછું કેમેય ન દઇશિ;
એક જીવને કારણે, કેતાં પાપ કરીશ...૫૦
જિનવર પાછળ મન વશે, મ રાખે શિવથી અનિષ્ઠ;
રાજા આગળ મન વશે, તો ઘણી પડે વેઠ...૫૧
રાખે ઘરે બે બારણાં, ઉચ્છંખલ રાખે નારી;
બળતણે, કાંતણે, પનઘટે, થાય સ્વચ્છંદાચારી...૫૨
ખટકશાળ પાંચે તણી, જરણા ભલી કરાવો;
આઠમ ચૌદશ પુનમે, ગાર કરાવી ધોળાવો...૫૩
અણગાળ જળ ન વાપરો, જુઓ તેહનો વ્યાપ;
એની એક અંજલિ મહિં, માછી શિકારીનું પાપ...૫૪
લોહ, મીણ, લાખ, ગળીને ચામ વિચાર;
એ સૌનો વેપલો, નક્કી તું નિવાર...૫૫
કંદમૂળ સૌ પરહરો, એ કરે ધર્મ વિહાર;
રાત્રિ ભોજન ન કરશો, થશે બહુ જીવ સંહાર...૫૬

જંતર જોતર ઉખળ, સાંબેલું હળ, હથીઆર;
એટલાં હાથે ન આપવાં, નાચ ગીત ઘરબાર...૫૭
પાટા પીંડી ન કરીશ, ન ખેતી અધિકાર;
ન્યાય રીતે વેપારનો, શ્રાવકનો આચાર...૫૮
અપાત્રે વાત ન કીજીએ. એ તો ફૂટી જાશે,
ઝાઝી આશ ન પારકી, ઝાઝું ઉધાર ન ફરો...૫૯
વૈદ વિલાસિની દૂતડી, સૂયાણીનો સંગ,
રાખે બહેનને બેટડી, જેમ હોય ન શીલ ભંગ...૬૦
ગુરૂ ઉપદેશ છે ઘણા, પમાયે ન પાર;
એ બોલ હૈયે ધરી, સફળ કરો સંસાર...૬૧
સાલિભદ્ર ગુરૂ સાંકળિયા, સૌ ગુરૂ ઉપદેશ,
જે ગુણી વાંચે સાંભળે, તેનો વિઘ્ન ટળેશ...૬૨
(નોંધ : ૫૬–૫૭ કડીમાં નીચે પ્રમાણે આ વધારાનાં ચરણો છે.)

(૫૬) સૂઇ મુખ જેટલું ચાંપીએ, ત્યાં જીવ અનંત જાણી.

(૫૭) સોનર નિશ્ચે નર્કફળ હોયે પાપ પ્રમાણે

# 卐 સિદ્ધાન્ત ચઉપઈ 卐

સં૦—પૂજ્ય મુનિમહારાજશ્રી રમણિકવિજયજી

વીર જિણેસર પણમીય પાય, સરિસા સોહગ મુનિવરરાય ।
પભણઉં શ્રી સિદ્ધાંતવિચાર, ભવિક જીવનઇ તારણહાર ॥૧॥

શાશ્વત તીરથ છઇ દેવલાઇ, મણૂયલોય પણિ બેહૂ હોઇ । ભગવતિ અંગિ નઈ રાયપસેણ, એ બહૂ બોલ્યા છઈ તેણિ ॥૨॥

શ્રાવકપૂજા જિણવરિ કહી, જ્ઞાતાધર્મકથામાંહિ સહી । જીવાભિગમ નઈ રાયપસેણ, ભગતિપરિન્નાપયન્ન-મજ્ઝેણિ ॥૩॥

શ્રાવકનઇ ભગતિ અંગિ, પૂજા તિહાં બોલી બિહુ ભંગિ । પૂજાની છઇ એવડી સાક્ષિ, અપૂજના કેહિ અક્ષક દાઝિ ? ॥૪॥

અંતગડઅંગિ મજઝારિ, બદ્ધા માહિ વલીય વિચારિ । સેતુજિ સિદ્ધ અનંતી કોડિ, તિણિલોપિઇં સહી આવિ ષોડિ ॥૫॥

સિદ્ધક્ષેત્ર તિણિ કારણિ કહિઉં, કેવલવયણે તે સંગ્રહિઉં । તિણિ ફરસિ હુઇ પાપહ છેદ, ઇ ણિ વાતઈં મનિ માણિસિ ખેદ ॥૬॥

શ્રાવકનઈ દ્વાદશ વ્રત હોઇ, અંગોપાંગ માહિ તૂં જોઈ। દશવૈકાલિક યતિનઉ ભેદ, શ્રાવકનઉ ધર્મ તિણિ કાંઇ છેદ ॥૭॥

યતિ શ્રાવક નઉ એકજિ ધર્મ, કુમતિ બોલઇ એહવઉ મર્મ। આગઇ સમઈ વિરાધિઉં જેહિં, નરય-તણાં ફલ સહીઆં તેહિ ॥૮॥

બોલિયા ક્ષેત્ર દાનના સાત, તિહિ તે નવિ માનઈં વાત। પયન્નામાહિ સહી તૂં જાણિ, કેવલરિષિની એહવી વાંણી ॥૯॥

મલ્લિનાથ તીર્થંકર તથા, છઠા અંગમાહિ તેહની કથા। દીધઉં દાન સંવત્સરતણઉં, તેહનઉ વિસ્તર કેતુ ભણઉં? ॥૧૦॥

ચઉવીસમું જિણેસર વીર, તેહની વિગતિ જિમ દૂધહ નીર। પહિલઈ અંગિ સંવત્સરદાન, માનઈ તે જેહનઈ સાન ॥૧૧॥

દાન દેતાં તુમ્હે માણઉ ષેદ, પંચમાંગિ બોલિઉ છઈ ભેદ। તુંગીયા નગરી શ્રાવક કિસ્યા, દેતા દાન પાછા નવિ ષિસ્યા ॥૧૨॥

જિન જન્મોત્સવ તણઇ અધિકારિ, મેરૂ સિહરિ રિસિ આણી વારિ। સ્નાત્ર કીધું સવિ ઈંદ્રે વલી, જંબૂદીવ પનત્તિ વલી ॥૧૩॥

આઠમિ ચઉદસિ પૂનિમ ઘણી, પોસહ છઇ પરદેશી તણા । ભગવતિ અંગમાહિ પણિ અછઇ, માનિ મૂરષ તૂં ઝુરસિ પછઇ ॥૧૪॥

સયલ કાલ કિમ સરિષઉ હોઇ, ચંદસૂર સાષી છઇ દોઈ । અધિકા ઓછા આરા બાર, ગ્નાતી ગણહરિ કહિયા વિચારિ ॥૧૫॥

કાલિઇં જિણવર હૂઇ અવતાર, કાલિં ચક્રવત્તિ પણ બાર । કાલિઈં ત્રિહું ગાઉ નઉ દેહ, કાલિઈં હાથજિ હુશિ છેહ ॥૧૬॥

પચ્ચકખાણ શ્રી વીરજિણ પાસિ, આણંદિ કીધઉ મન ઉલ્હાસિ । અંગ ઉપાસકમાહિ એ ગમ, મગધદેસ જિહાં વાણિજ ગામ ॥૧૭॥

પચ્ચકખાણિ જે કહિ પાપ, નરગ તણઉ છઇ જે નઇ વ્યાપ । રાય પસેણિ માહિ એ, કર્મ પરદેસી નઉ પહિલઉ ધર્મ ॥૧૮॥

એકાંતનુ જે લિઇ પક્ષ, તેહ કહુ કિમ કહીએ દક્ષ । વીયરાય આપ્યા આગાર, યતિ શ્રાવકનઈ તેહ જિ સાર ॥૧૯॥

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ચ્યારિ, દીક્ષા બોલી પંચ પ્રકારિ । સમકિતનુ આલાવું જોઇ, શ્રાવકનઈં અંગિ બોલિઉ સોઇ ॥૨૦॥

સમવાય પંચે સમકિત ભેદ, એકં અંતિ હુઇ સમકિત છેદ । જિનરાઈં બોલિઉં છઇ ઇસિઉં, લુંકુ બોલઇ હિવં તે કિસિઉં ॥૨૧॥

નયરે પોસહ સાલ જિહતી, થિવરાચારી રહિતા યતી । કલ્પવૃત્તિ માહિ બોલિઉં ઈમ, નથિ માનઇ તુ નિન્હવિ સીમ ॥૨૨॥

છેદગ્રંથમાહિ છિ વિશેષ, તેહનઉ હઈઇ આણે દેષ । લાભએહુનું તૂં પ્રીછેસિ, નહીં તુ અનંતકાલ ભમેસિ ॥ ૨૩ ॥

ચઉવીસી સિદ્ધાંતહ તણી, અક્ષર જોઇ નઇ મઈ ભણી । જિનવયણે મન નિશ્ચલ કરુ, ભવસાયર જમ લીલા તરુ ॥૨૪॥

॥ ઇતિ સિદ્ધાંત ચઉપઈ સમાપ્ત ॥

॥ સંવત ૧૫૮૫ વર્ષે પોષ સુદિ ૧ શનૌ લિષિતં ॥

આ ચઉપઇ પૂ. મુ. મ. શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહમાંની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારીને અહીં આપી છે.



## —: અમારા અમૂલ્ય ગ્રંથો :—

| ગ્રંથ | મૂલ્ય |
|---|---|
| ચિત્રાવલી સેટ | |
| નારકી ચિત્રાવલી (ગુજરાતી) | ૩૦–૦૦ |
| નારકી ચિત્રાવલી (હિન્દી) | ૩૦–૦૦ |
| નારકી ચિત્રાવલી (અંગ્રેજી) | ૪૦–૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (ગુજરાતી) | ૨૦–૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (હિન્દી) | ૨૦–૦૦ |
| સત્કર્મ ચિત્રાવલી (અંગ્રેજી) | ૨૫–૦૦ |
| ઉપમિતિ ભવપ્રપંચા વિવરણ ભા. ૧ | ૬૦–૦૦ |
| ,, ભા. ૨ | ૮૦–૦૦ |
| ,, ભા. ૩ | ૮૦–૦૦ |
| પંચપ્રતિક્રમણ વિવરણ (૯૦૦ પેજ) | ૧૨૫–૦૦ |
| કુલભૂષણ કથા | ૧૦–૦૦ |
| સામાયિક સૂત્ર (અંગ્રેજી) | ૪–૦૦ |
| દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર (અંગ્રેજી) | ૮–૦૦ |
| Matsyodara the grate | 6–00 |
| કથા | |
| શ્રી સૂત્ર (અંગ્રેજી) | |
| પ્રતિક્રમણ સૂત્ર (અંગ્રેજી) | |
| a the grate | |

સુરેશ પ્રિન્ટરી, વઢવાણ શહેર. ફોન : ૨૪૫૪૬